292

સેવા સળંગ ગણવા બાબત
શ્રી એ.ડી.બામણીયા
તત્કાલીન સ.ક.અધિ (વિ.જા.)
સુરત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશ૫–૨૫૯૭–૫૦૧–અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– 4 JAN 2001

વચાણમાં લીધી :(૧) આ વિભાગનો તા.૨૬–૩–૯૦ ની યાદી ક્રમાકઃબીસીઈ–૧૦૮૮/ખા.૩૩૮/જ,
(૨) નિયામકશ્રી,વિ.જા.ક.ખાતાનો તા.૭–૪–૯૭ નો પત્ર માંકઃવિજાક/મકમ/૯૭–૯૮/ ૯/૪૯૦
(૩) નિયામકશ્રી વિ.જા.ક. ખાતાનો તા.૨૮–૧૧–૯૫ ના આદેશ ક્રમાંકઃ વિજાક/મકમ/ ૯૫–૯૬/૪૧૪ /૧૧૪૯
(૪) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃએફઓએ/૧૦૯૨/યુઓ–૩૦૭–ગર તા.૨૪–૨–૯૯ અન્વયે નુ ચેકલીસ્ટ.

ઠરાવઃ

શ્રી એ.ડી.બામણીઆ તકેદારી અધિકારી શ્રી (આ.વિ.)વડોદરા જયારે નિયામકશ્રી વિ.જા.ક. ખાતા હેઠળ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૩) તરીકે દાહોદ હતા તે સમયે વર્ગ–૩ માંથી સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૨ માં બઢતીથી નિમણૂંક કરતાં શ્રી બામણીયા પોતાની નિમણૂંક વાળી બઢતીની જગ્યાએ (નિયામકશ્રી વિ.જા.ક.ખાતાની કચેરી) ગાંધીનગર તા.૨૯–૪–૮૮ ના રોજ હાજર થયેલ છે. ત્યારબાદ આમુખમાંના ક્રમાંકઃ (૧) પરની તા.૨૬–૩–૯૦ ની યાદીથી શ્રી બામણીઆને સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) વર્ગ–૨ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક કરતા શ્રી બામણીઆ તા.૧૧–૪–૯૦ સવારથી આ જગ્યા પર ફરજ બજાવે છે. તેમનો અજમાયશી સમય આમુખમા દર્શાવેલ ક્રમાંકઃ૩ આગળના હુકમથી પૂર્ણ કરવામાં આવેલ છે.

શ્રી બામણીઆ સીધી ભરતીથી સમાજ કલયાણ અધિકારી વર્ગ–૨ મા નિમણૂંક પામ્યા તે પૂર્વે તા.૨૯–૪–૮૮ થી તા.૧૦–૪–૯૦ ની બઢતી ની સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૨ ની સેવાઓ જોડી આપવા નિયામકશ્રી, વિ.જા.ક. ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા આમુખમાં દર્શાવેલ ક્રમાકઃ (૨) પરના પત્ર થી દરખાસ્ત કરવામાં આવી હતી.

શ્રી બામણીઆની હાલની સેવાઓ અને અગાઉની સરકારી સેવા વચ્ચે કોઈ તુટ (બ્રેક) પડેલ નથી તેઓ સીધી ભરતીથી સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૨) તરીકે નિમણૂંક પામ્યા તે પૂર્વે ની સ.ક.અધિકારી વર્ગ–૨ ની બઢતીની તા.૨૯–૪–૮૮ થી તા.૧૦–૪–૯૦ સુધીની સેવાને આમુખમાં દર્શાવેલ ક્રમાંક (૪) આગળના ચેકલીસ્ટ પ્રમાણેની તમામ પરિપૂર્ણ કરતાં હોઈ માત્ર રજા અને પેન્શનના હેતુ માટે જોડી આપવાનુ આથી ઠરાવવામાં આવે છે.

293

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાકની ફાઈલ પર સા.વ.વિ.ની તા.૨૪-૧૦-૨૦૦૦ ની નોંધથી તથા ના.વિ.ની તા.૧૦-૧૧-૨૦૦૦ ની નોંધથી મળેલ સહમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુનીલ સોની )
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતીજાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ કલ્યાણની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
શ્રી બામણીયાની સેવાપોથી પરત મોકલેલ છે. તેની પહોચ પાઠવવા વિનંતી છે. પ્રતુત આદેશની જરુરી નોંધ શ્રી બામણીઆની સેવાપોથીમાં આપની કક્ષાએથી કરવા પણ વિનંતી છે.
શ્રી એડી.બામણીઆ, તકેદારી અધિકારીશ્રી(આ.વિ.) વડોદરા (નિયામકશ્રી વિ.જા.ક. ગુ.રા.ગાંધીન[illegible] મારફત)
સા.વ.વિ./ગર સચિવાલય, ગાંધીનગર
નાણા વિભાગ/ ચ અને પ શાખા સચિવાલય, ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
એ.જી. રાજકોટ/ અમદાવાદ.
તિજોરી અધિકારીશ્રી, વડોદરા
ના.સ.અ.શ્રી સિલેકટ ફાઈલ.
સિલેકટ ફાઈલ.
:વાધેલા:૨૯/૧૨ એ.